# વિદ્યાસહાયક ભરતી – 2015-16

## ધોરણ – 6 થી 8 - ખાસ ભરતી : 921-ગુજરાતી માધ્યમ

### સ્વીકાર કેન્દ્ર માટે માર્ગદર્શન સૂચનાઓ

1. **સ્વીકાર કેન્દ્ર ઉપર મેન્યુઅલ અરજી ફોર્મ રીસીવ કરવા માટેનો સમય તા.08/12/2015 થી તા.17/12/2015ના દિવસો દરમિયાન (શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) 11-00 થી 17-00 કલાકનો રહેશે.**
2. સ્વીકાર કેન્દ્ર ઉપર પુરતા કર્મચારી અને કોમ્પ્યુટર જાણકાર કર્મચારીઓની વ્યવસ્થા રાખવી અને સેન્ટર ઉપર **ધોરણ-6 થી 8 (ગણિત-વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાન) – ગુજરાતી માધ્યમ**ના ફોર્મ સ્વીકારવાના રહેશે.
3. આ કામગીરીમાં કામ કરનાર આ કામગીરીના અનુભવી હોય તેવા કર્મચારીઓને જીલ્લા કક્ષાએથી આદેશ કરવાના રહેશે અને આ કામગીરી ઉપર એક જાણકાર કેળવણી નિરીક્ષકને સુપરવિઝનની કામગીરી સોંપવી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સમગ્ર કામગીરીનું વખતો-વખત મૂલ્યાંકન અને સંકલન કરવું તથા દરરોજ જાતે એક અથવા વધુ વાર રીસીવીંગ કેન્દ્રની મુલાકાત લેવી. ફોર્મ સ્વીકારનાર કર્મચારીએ ઓન-લાઈન મૂકેલ ઠરાવ, પરિપત્ર, સૂચનાઓ અને જાહેરાતની નકલ મેળવી તેનો અભ્યાસ કરી ફોર્મ સ્વીકારવા.
4. સેન્ટર ઉપર અરજી ફોર્મ રીસીવ કરતાં પહેલાં નીચેની વિગતોની મેન્યુઅલી ચકાસણી કરવી.
   a. અરજી ફોર્મ સાથે જોડેલ જરૂરી ગુણપત્રકો/પ્રમાણપત્રકોની ઝેરોક્ષ નકલની અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરવી. અસલ પ્રમાણપત્રો જોવા અનિવાર્ય છે.
   b. ચેકલીસ્ટમાં આપ્યા પ્રમાણેના પ્રમાણપત્રો અરજીપત્રક સાથે ક્રમમાં જોડાવી અરજી સ્વીકારવી.
   c. અરજી ફોર્મ સ્વીકારવા બદલ ફોર્મ સ્વીકારનાર કર્મચારીએ પાવતી ઉપર શિક્ષણ સમિતિનો સિક્કો સહી કરી પાવતી આપવી.
5. **વય મર્યાદા માટેઃ**
   a. જન્મ તારીખ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ચકાસી ઉમરની ચકાસણી કરવી .
   b. વય-મર્યાદામાં આવતા ન હોય તેવા ઉમેદવારની અરજી સ્વીકારવી નહીં. આ માટે ચેકલીસ્ટ વેબ-સાઈટ ઉપર મુકેલ છે, તે મુજબ ચકાસણી કરવી.
6. **કેટેગરી માટેઃ**
   a. સક્ષમ અધિકારીએ આપેલ જાતિનાં પ્રમાણપત્રની ચકાસણી કરવી.
   b. SEBCના કિસ્સામાં નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ રજૂ કરેલ હોય તો જ તે SEBC કેટેગરીમાં ગણવા.

c. નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ તા.31/03/2015ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષ 2014-15 નું તા.01/04/2015 થી તા.17/12/2015 સુધી ઈસ્યુ થયેલ હોવું જોઈએ.

7. **શારીરિક રીતે અશક્તતા ધરાવતા ઉમેદવાર માટેઃ**

a. સિવીલ સર્જનનું પ્રમાણપત્ર ચકાસવું. (જાહેરાતમાં દર્શાવેલ અશક્તતાની ટકાવારીની ચકાસણી કરીને જ ફોર્મ સ્વીકારવું.

8. **માજી સૈનિક માટેઃ**

a. ઉમેદવારે ઓછામાં ઓછી 6 માસની નોકરી આર્મ ફોર્સીસમાં હોવી જોઇએ અને તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જોઇએ.

9. **લાયકાત માટેઃ**

a. વેબસાઈટ ઉપર મુકેલ શિક્ષણ વિભાગના તા.27-04-2011 અને તે પછીના તા.14-07-2011, તા.03-05-2012 અને તા.18-05-2012ના ઠરાવ મુજબની શૈક્ષણિક લાયકાત મુજબ ચકાસણી કરીને જ અરજીફોર્મ સ્વીકારવા. (આ અંગે વેબસાઈટ ઉપર મૂકેલ વિસ્તૃત જાહેરાતમાં દર્શાવેલ લાયકાતોનો અભ્યાસ કરવો.)

b. ટ્રાયલ મુજબ ગુણ ગણતરી કરી અરજીમાં ગુણ દર્શાવેલ છે કે કેમ તે જોવું. (ઓન-લાઈન મૂકેલ જાહેરાતનો સૂચના **ક્રમ-16** માં આપેલ સૂચના મુજબ ચકાસણી કરવી.)

c. જે લાયકાતમાં એક કરતા વધુ ટ્રાયલ હોય તો તે લાયકાતના બધા જ ટ્રાયલની પ્રમાણિત માર્કશીટ અચુક સામેલ કરાવવી, અન્યથા અરજી સ્વીકારવી નહી.

d. પી.ટી.સી. માટે NCTEની માન્યતાનું પ્રમાણપત્ર સામેલ કરાવવું.

**e. સ્નાતકની માર્કશીટમાં કુલ ગુણની ગણતરીમાં F.Y., S.Y.ના ગુણ ગણતરીમાં લીધેલ હોય તો T.Y. ની માર્કશીટ સાથે F.Y., S.Y. ની માર્કશીટ જોડવી.**

**f. સેમિસ્ટર પધ્ધતિમાં સ્નાતક થનાર ઉમેદવારની તમામ સેમિસ્ટરની માર્કશીટ સામેલ કરાવી તમામ સેમિસ્ટરના કુલ ગુણ અને મેળવેલ ગુણ અરજીમાં દર્શાવવા.**

10. **શિક્ષક યોગ્યતા કસોટી** (TET-II):

**શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ પીઆરઈ-1111-711-ક, તા.24/04/2011 અને તા.06/06/2013ની જોગવાઈ મુજબની પાત્રતા ધરાવતા ઉમેદવારોની અરજીઓ સ્વીકારવી.**

11. **સ્વીકારેલ અરજીપત્ર રાજ્યકક્ષાએ જમા કરાવવા અંગેઃ**

a. સ્વીકારેલ દરેક અરજી ફોર્મના મથાળે જિલ્લાના નામનો જ <u>સુવાચ્ય</u> સિક્કો લગાવવો. (ગોળ સીલ ન મારવું) આવેલ અરજીફોર્મ સાથે ચેકલીસ્ટમાં સૂચવ્યા પ્રમાણેના ક્રમમાં (અરજી ફોર્મ પ્રથમ રાખવું) પ્રમાણપત્રો જોડવા. ઉમેદવારને આપેલ ફી ભર્યાની પાવતીની નકલ છેલ્લે જોડવી.

b. સ્વીકાર કેન્દ્ર ઉપર સ્વીકારેલ તમામ અરજી ફોર્મ વિષયવાર અલગ રાખી ક્રમમાં ગોઠવીને પચ્ચાસ -પચ્ચાસના જૂથમાં બાંધી જૂથ ઉપર યાદીની નકલ બાંધવી. (દરેક ભાષાના ફોર્મ અલગ બાંધવા.)

c. જૂથ ઉપર બાંધેલ જૂથવાર યાદીની એક નકલ અને સેન્ટરની એક સળંગયાદી રાજ્યકક્ષાએ આપવાની રહેશે. જિલ્લા કક્ષાએ એક નકલ રાખવાની રહેશે.

d. પચાસના જુથમાં બાંધેલ અરજીપત્રક પૈકી ટ્રાયલવાળા ઉમેદવારોના અરજીપત્રક અલગ કાઢી આવા તમામ અરજીપત્રોની યાદી બનાવી અલગ રજૂ કરવાં.

**e. રાજ્યકક્ષાએ ફોર્મ તા.19/12/2014ના રોજ 11.00 કલાકે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ (વિદ્યાસહાયક કેન્દ્રીયકૃત ભરતી કેન્દ્ર), સેક્ટર-19, ગાંધીનગર ખાતે ચકાસણી કરાવી જમા કરાવવાના રહેશે.**

**12. ઉમેદવારની ફી મેળવવા બાબતઃ**

a. અનામત કેટેગરીના ઉમેદવાર માટે રૂ.100/- ફી લેવાની રહેશે.

b. ઉમેદવાર પાસેથી મેળવેલ ફીનાં નાણાં રિસીવીંગ સેન્ટરના સ્થળે આવેલ HDFC બેંકની શાખામાં “ગુજરાત સ્ટેટ પ્રાયમરી એજ્યુકેશન સિલેક્શન કમિટી” ના ખાતા નં. 50100122312570 માં શક્ય હોય તો રોજે રોજ જમા કરાવવા. ફોર્મ રાજ્ય કક્ષાએ જમા કરાવતા અગાઉ ફી પેટે મળેલ તમામ નાણાં બેંન્કમાં જમા કરાવી, જમા કરાવ્યાની સ્લીપની ઝેરોક્ષ રજૂ કરવી.

c. ઉમેદવાર પાસેથી મેળવેલ ફીનો હિસાબ રાજ્યકક્ષાએ નીચેના નમૂનામાં અરજી ફોર્મ સાથે તા.19/12/2015ના રોજ આપવાનો રહેશે. સાથે બેંકમાં નાણાં જમા કરાવ્યા બદલની બેંકની સહી-સિક્કાવાળી સ્લીપની ઝેરોક્ષ નકલ અવશ્ય જોડવી.

| ક્રમ | ફી જમા કરાવ્યાની તારીખ | ઉમેદવારની કેટેગરી | સંખ્યા | ફી નો દર | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

અત્રેથી સૂચવેલ કાર્યક્રમ અથવા સૂચના મુજબ કામગીરી કરવી. આ કાર્યક્રમ સંભવિત છે તેમાં ફેરફાર થવાની શક્યતા છે. **તો દરરોજ વેબસાઇટ અને ઇ-મેઇલ દ્વારા** અપાતી સૂચનાઓને ધ્યાને લેવી અને તેની અમલ કરવો. દરરોજ વેબસાઇટ અને ઇ-મેઇલ ઓછામાં ઓછા બે-વાર(સવાર-સાંજ) જોતા રહેવું.

વિદ્યાસહાયક ભરતી-2015-16 સંદર્ભે જરૂરી માર્ગદર્શન માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો સંપર્ક કરવો.

## 13. ગુણની ચકાસણી માટે નીચેની સૂચનાઓ મુજબ ગણતરી કરી ચકાસણી કરવી.

1. કોઈપણ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી ડીગ્રીઓનાં ગુણપત્રકમાં જે કુલ ગુણ (Grand Total) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ (Obtain Marks) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહ્ય રાખવાના થાય.
2. કોઈપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયિક લાયકાતની અંતિમ ડીગ્રી પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,
   - (A) જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ને અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ (FAIL) થયેલ હોય અને જ્યારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ અને ટકાને ધ્યાનમાં લેવાના રહેશે.
   - (B) જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને અંતિમ ડીગ્રી પરીક્ષા પાસ કરી હોય અને વિષય મુક્તિ (Exemption) મેળવેલ હોય તે દરેક પ્રયત્નનાં કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નક્કી કરવું.
   - (C) જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરીક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરીક ગુણાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાનાં પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનનાં ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયનાં કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરીક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

**14. વય ચકાસણી માટે ચેકલીસ્ટ અને જરૂરી ઠરાવો અને જાહેરાત વેબ-સાઈટ પર મુકવામાં આવેલ છે. જેની પ્રિન્ટ ફરજીયાતપણે રીસીવીંગ સેન્ટર ઉપર રાખવી અને તેને ધ્યાને લઈ ફોર્મ સ્વીકારવાના રહેશે.**

*------*------*------*------*------*

## - : ખાસ સૂચના : -

**વિદ્યાસહાયક ભરતીની વેબસાઈટ, રીસીવીંગ સેન્ટર લોગીનની સૂચના અને ઈ-મેઈલ રોજેરોજ જોતા રહેવું.**